॥ श्री गणेशाय नमः ॥

॥ श्रीः ॥

॥ श्री महाकाली प्रसन्नास्तु ॥

॥ श्रीकालिकाध्यानम् ॥
खड्गोद्भासितदक्षिणोर्ध्वभुजकां
वामे व चर्मान्विताम्
सव्यनोद्धृतबालकामपरतो मुद्रां
वराख्याम् शुभाम् ।
बिभ्राणां, नयनत्रयेण लसितां,
सिहस्थिताम् श्यामलां,
वन्देऽस्मत्कुलदेवताम् सकरुणां
श्रीकालिकां मातरम् ॥


ધ ટાઈમ્સ ઓફ

# કંસારા સમાજ

સ્થાપના : ૧૦-૮-૧૯૯૭

સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)નું મુખપત્ર





વર્ષ : ૧૬ અંક : ૧૯૦ તા.૧૫-૧૧-૨૦૨૫ કિંમત : રૂા.૨-૦૦

દર ૧૫ તારીખે પ્રસિદ્ધ થતું માસિક
તંત્રી : શ્રી ભરતભાઈ સી. શેઠ

RNI NO.GUJGUJ/2009/30908. Postal Reg. No. GUJ/474/2021-2023 Valid up to 31-12-2023

PUBLICATION ON DATE OF 15th EVERY MONTH




**વઢવાણ મુકામે શ્રી મદનમોહનલાલજીની હવેલીના નવીનીકરણ અને શ્રી ઠાકોરજીના પાટોત્સવ સાથે "બડો મનોરથ" નિમિત્તે વઢવાણ નગરીના વૈષ્ણવોએ સંપ્રદાયના ભેદ ભૂલીને એમની આગવી પરંપરાને અનુરૂપ, ઉદાહરણરૂપ ને અનુકરણીય સાથે પ્રેરણાદાયી કામગીરી કરીને અદ્‌ભુત એકતાના દર્શન કરાવ્યા.**


Web : www.samastkansara.com e-mail : samastkansaramb@gmail.com sksgujarat@gmail.com



## SHRENIK JAYESHBHAI LALANI

| | |
|---|---|
| Birth Date | : 23-10-1996 |
| Birth Time | : 10-10 AM |
| Bbirth Place | : Ahmedabad |
| Height | : 64 Kg. |
| Education | : M.Sc in Commercial Vehicle Technology (RPTU, Kaiserslautern) |
| Occupation | : Development Engineer (Evomotive Gmbh, Ingolstadt, Germany) |
| Current Add. | : Eichenwaldstrasse 15, Ingolsta dt, 85049 Germany |
| Salary | : 53,40,000 Rs. (60,000 € - Annually) |
| Fatehr | : Jayeshbhai Vinodrai Lalani. (B.Com) PNB (Retired) Branch Manager |
| Mother | : Paraginiben Jayeshbhai Lalani (M.Com, B.Ed.) Housewife |
| Siblings | : Kavisha Jayeshbhai Lalani (HR Executive, Company ; At Qor) Dr. Hetvee Jayeshbhai Lalani (MPT in Cardiology) |
| Address | : C-401, Shree Hari Arjun Apartment, Under Chankyapuri Overbridge, Nr. Shivnagar Society, Ahmedabad. |
| Contact | : +91 98245 46097, +49-15735808312 (Shrenik) |
| Mosal | : Principal K.M. Mavaki (Rajkot) |



## લાલાણી પરિવારનું ગૌરવ

અભિનંદન ડૉ. હેત્વી લાલાણી મો. 97234 48097 શ્રીમતી પરાગીનીબેન જયેશ લાલાણી તથા જયેશ વિનુભાઈ લાલાણીની સુપુત્રી ડૉ. હેત્વી લાાલણીએ વર્ષ ૨૦૨૫માં માસ્ટર ઓફ ફિઝીયોથેરાપી (MPT Cardiac) ની પદવી પ્રાપ્ત કરેલ છે.

ડૉ. હેત્વી જીવનમાં ખૂબજ સફળતા મળવે અને પ્રગતિના શિખરો સર કરે તેવા શુભાશિષ....

-: શુભેચ્છક :-

વિનુભાઈ પ્રેમચંદ લાલાણી (દાદા)
સ્વ. પ્રિ કાન્તીભાઈ એમ. માવાણી (નાના)


Simple Fast
Flexible Loans
લોન મેળવવાનું વિશ્વાસપાત્ર સ્થળ

Secure Loan | Unsecured Loan | Working Capital Loan | MSME Loan
Builder Funding | Machinery Loan | Education Loan | Car Loan

ONE STOP SOLUTION FOR ALL LOAN

Jayesh Lalani
98245 46097
2211jayeshlalani@gmail.com

# સમસ્ત કંસારા સમાજ (ગુજરાત), અમદાવાદ
## (ટ્રસ્ટ રજી. નં. એ/૩૪૮૮/અમદાવાદ/તા.૩૧-૧-૧૯૯૮)


**ધ ટાઈમ્સ ઓફ કંસારા સમાજ**
**(કંસારા ટાઈમ્સ)**

**: પ્રમુખશ્રી :**
શ્રી ચંદ્રકાન્ત કંચનલાલ કંસારા

**: સલાહકાર મંડળ :**
શ્રી બટુકભાઈ વ્રજલાલ કંસારા, અમદાવાદ
શ્રી હસમુખભાઈ એલ. ખાખી, અમદાવાદ

**: માનદ્ તંત્રી :**
શ્રી ભરતભાઈ સી. શેઠ, અમદાવાદ
મો : ૯૮૨૪૦૬૨૬૫૧

**: સંપાદક મંડળ :**
શ્રી અનંતરાય જી. શેઠ,
શ્રી દિલીપભાઈ આર. કંસારા,
શ્રી બળવંતભાઈ જે. પાવાગઢી,
શ્રી વિવેક એમ. કંસારા,
શ્રી કમલેશ એચ. કંસારા,

**: કાર્યાલય-સંપર્ક / પત્ર-વ્યવહાર માટે:**
સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)
"બી" બ્લોક, ૫૦૨, ૫ મે માળ,
તુલીપ ટાવર, પકવાન ડાઈનીંગ
હૉલની પાછળ, વી.એસ.હૉસ્પિટલ સામે,
એલીસબ્રીજ, અમદાવાદ - ૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૪૦૭૦

કોઈપણ જાહેરખબર કે શ્રધ્ધાંજલિમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઈ બાંહેધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પૂરતી ચકાસણી કરી યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

કોઈપણ લેખ અંકમાં છાપવો કે નહીં છાપવો તે તંત્રીશ્રી, સંપાદક મંડળ નિર્ણય કરે છે. આ અંકમાં પ્રસિધ્ધ થતાં લેખો, એ સ્વતંત્ર અભિવ્યક્તિ છે, તેની સાથે સમાજ કે હોદ્દેદારો સંમત છે, તેવું માની લેવું નહીં.




આદરણીય વ્હાલા સુજ્ઞ જ્ઞાતિજનો,

પરમ કૃપાળુ માતાજીની કૃપાથી આપ સર્વે ક્ષેમકુશળ હશો તેવી હું આશા રાખું છું.

દિવાળીના નવા વર્ષના નવી આશાઓ અને ઉલ્લાસ અને આનંદોત્સવ સાથે વિક્રમ આપ સર્વેનું સંવત ૨૦૮૨ નું નવું વર્ષની રોજિંદી દિનચર્યાનો પ્રારંભ થઈ ચૂક્યો હશે તેવી આશા રાખું છું.

આ નવા વર્ષના શુભ આરંભ નિમિતે, આપ સૌને નમ્ર વિનંતી સહ નિવેદન કે, આ સંસ્થા વિરુદ્ધ કેટલાક મહાનુભાવો દ્વારા થઈ રહેલા ભ્રામક અને સત્યથી વેગળા અપ્રચારથી દૂર રહી અને આ સંસ્થાની સાચી પ્રવૃત્તિઓનું મૂલ્યાંકન કરી સમસ્ત કંસારા સમાજ તેમજ તેની ભગીની સસ્થાઓ દ્વારા કરવામાં આવતી સામાજિક, શૈક્ષણિક અને ધાર્મિક પ્રવૃત્તિઓને વધુ વેગ મળે અને આ સંસ્થા ઉત્તરો ઉત્તર પ્રગતિ કરે અને જ્ઞાતિજનોના સર્વાંગી વિકાસમાં વધુ કાર્યરત રહી અને પ્રગતિ કરે તેવી આપ સૌને સહકારની અપેક્ષા રાખું છું.

આપના પરિવારોમાં અભ્યાસ કરતા વિધાર્થીઓની સને ૨૦૨૫-૨૦૨૬ નું શૈક્ષણિક સત્ર ચાલુ થઈ ગયેલ છે. જેથી તેઓના રોજિંદા શૈક્ષણિક કાર્યમાં આપ સૌ વાલીઓ વ્યસ્ત હશો. અને સંતાનોની કારકિર્દી ઉજ્જવલ બનાવવામાં આપ સૌ પરિવારને માતાજીની કૃપા દ્રષ્ટિ વરસે તેવી માતાજી ને પ્રાર્થના.

સમસ્ત કંસારા સમાજના આજીવન સભ્યોને વિનંતી કે, અગાઉંની મિટિંગમાં નક્કી કર્યા મુજબ આજીવન સભ્ય દીઠ રૂપિયા૧૦૦૦/- વાર્ષિક વિકાસ ફાળામાં જમા કરાવી આર્થિક સહયોગ આપી સહકાર આપે તેવી વિનંતી કરું છું.

જ્ઞાતિના સર્વે વડીલો - ભાઈઓ - બહેનો - યુવાન ભાઈ ઓ, બહેનો,ને મારા જય માતાજી, જય શ્રી કૃષ્ણ, - જય શ્રી ગોપાલ, જય સ્વામિનારાયણ ,જય મહારાજ

આપનો સ્નેહાધીન
ચંદ્રકાંત કે. કંસારા
પ્રમુખ : સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)

**SAMAST KANSARA SAMAJ GUJARAT**
State Bank of India, SPPBB Branch,
Account Number : 10542905500 • IFS CODE : SBIN0060129

**શુભેચ્છક : કંસારા લાલજીભાઈ ગોકળદાસ પરિવાર (મોરબી)ના જયશ્રી કૃષ્ણ**

# વડોદરા ગુજરાતી કંસારા જ્ઞાતિ મંડળ - ઝાલાવાડ અને ગોહીલવાડ દ્વારા આયોજીત નવલી નવરાત્રી રાસોત્સવ, વાર્ષિક સાધારણ સભા તથા વિદ્યાર્થી ઈનામ વિતરણ





- ઉર્મિલાબેન વસંતલાલ કંસારા
- વડોદરા
(મો. ૯૯૨૫૦ ૧૨૫૦૯)


સમારંભ : સમય બપોરના ૩-૩૦ થી રાતના ૧૦-૦૦ સુધી

આસો સુદ-૧૪ ને રવિવાર તા. ૫-૧૦-૨૦૨૫

સુજ્ઞ જ્ઞાતિજનો - જયશ્રી કૃષ્ણ, જય ગોપલા, જય સ્વામિનારાયણ.

વડોદરા ગુજરાતી કંસારા જ્ઞાતિ મંડળ - ઝાલાવાડ અને ગોહીલવાડ દર વર્ષે વાર્ષિક કાર્યક્રમો યોજીને જ્ઞાતિજનોને જાગૃત રાખે છે. વડોદરા સંસ્કારી નગરીનો વારસો જાળવીને વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય દ્વારા કરીને સમૂહમાં યમુનાષ્ટકનું ગાનકરવામાં આવ્યું.

સીયા લાલાણી દ્વારા માતાજીની સ્તુતીનું નૃત્ય પ્રસ્તુત કરવામાં આવ્યું. પ્રમુખશ્રી મયુરભાઈ કંસારાએ સ્વાગત પ્રવચન કરીને જ્ઞાતિજનોને આવકાર આપ્યો. માતાજીની સ્તુતી દ્વારા જાણે કે જ્ઞાતિજનો મંત્રમુગ્ધ બની ગયા.

વિદ્યાથી વિનય આવે છે, વિનયથી પાત્રતા આવે છે, પાત્રતાથી ધન આવે છે, ધનથી ધર્મ અને ધર્મથી સુખ પ્રાપ્ત થાય છે - આ સચોટ સત્ય દ્વારા વિદ્યાર્થીઓનું વિવિધ ક્ષેત્રે (શૈક્ષણિક ક્ષેત્રે) ઈનામ વિતરણ કરવામાં આવ્યું.

**તમે મન મૂકીને વરસો, છાપરુ અમને નહી ફાવે,**
**અમે હેલીના માણસ, માવઠું અમને નહી ફાવે.**

જ્ઞાતિજનોના સાથ અને સહકારથી પ્લે હાઉસથી શરૂ કરીને વિવિધ ક્ષેત્રે મહત્વના શૈક્ષણિક વર્ષોમાં જ્ઞાન, કૌશલ્ય, શિક્ષણને મુખ્ય કેન્દ્રમાં રાખીને સિદ્ધિઓ હાંસલ કરનાર વિદ્યાર્થીઓનું વિવિધ જ્ઞાતિજનોએ દાતાઓ દ્વારા વિદ્યાર્થીઓનું સન્માન કર્યું. ઈનામ વિતરણ કાર્યક્રમમાં ધોરણ-૧૦, ૧૨, ગ્રેજ્યુએટ, તેમજ વિશિષ્ટ ક્ષેત્રે મેળવેલી સિધ્ધિ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓનું અદકેરું સન્માન કરવામાં આવ્યું. આપણા વડોદરા ગુજરાતી કંસારા જ્ઞાતિના ગૌરવશાળી વ્યક્તિત્વ એવા શ્રી પ્રણયભાઈ લલિતચંદ્ર શાહ કે જેઓને ફોટોગ્રાફીની કળા-વારસામાં મળેલ છે અને



જેઓએ આજના સમમયમાં વિરલ કહી શકાય એવા ફોટો જર્નાલિસ્ટની અદ્ભૂત કળા ધરાવનાર પત્રકારોમાં પોતાની શ્રેષ્ઠતા સિધ્ધ કરી છે. દર વર્ષે વિશ્વ ફોટોગ્રાફી દિવસના પ્રદર્શનમાં તેમનું મહત્વનું યોગદાન હોય છે. વડોદરા ગુજરાતી કંસારા જ્ઞાતિ મંડળ તરફથી શ્રી પ્રણયભાઈને ખૂબ ખૂબ અભિનંદન સાથ આશીર્વાદ.

ઈનામ વિતરણ પછી વાર્ષિક સાધારણ સભામાં ગત વર્ષની કામગીરીનો અહેવાલ, વાર્ષિક હિસાબો રજૂ કરવામાં આવ્યા. ડિજીટલ ડાયરીના નવીનીકરણમાં જિજ્ઞેષભાઈ શાહ, ડૉ. ગિતેશભાઈ ચિત્તલીયા, ડૉ. નેહલબેન ચિત્તલીયા, કામિનીબેન કંસારા, જતીનભાઈ માવાણી, પ્રણવભાઈ બૂચ, પિયુષભાઈ ગોરડીયા, સતીશભાઈ પાવાગઢીનો સતત સાથ સહકાર મળતો રહ્યો, તેઓ અભિનંદનને પાત્ર છે.

વડોદરામાં આવેલ નવા સભ્યોનો (જ્ઞાતિજનો) પરિચય મેળવ્યો.

ચા-કોફી સાથે બિસ્કીટની લહેજત માણી નવલી નવરાત્રીની ઉજવણીમાં જ્ઞાતિજનોએ સહકાર આપ્યો.

પ્રિતીબેન ખાખી, કામિનીબેન કંસારા યામિનીબેન વૈષ્ણવ અને રાજલબેન બૂચના સહયોગથી સ્ટેજ સજાવટ અને માતાજીની માંડવી શણગારવામાં આવી. સાંજના સાત કલાકે માતાજીની આરતીથી નવલી નવરાત્રી-રાસ-ગરબાની હરિફાઈ શરૂ કરવામાં આવી. વડોદરાની ગરબીનું તો યુનેસ્કોમાં પણ સ્થાન છે. આપણે સૌ સાથે મળીને નક્કી કરેલા નિયમો પ્રમાણે આવી રહેલી શરદ પૂનમ - માણેકઠારી પૂનમની ઉજવણી કરીએ. સમાજના ભાઈઓ અને બહેનોના નક્કી કરેલા જૂથ પ્રમાણે, ગરબાના નિયમો પ્રમાણે હરીફોની પસંદગી કરવામાં આવી. ડૉ. પૂર્વીબેન મોદી અને રૂપલબેન દેસાઈએ ગરબા પ્રતિયોગીતામાં જજ તરીકે સેવા આપીને જ્ઞાતિજનોને મંત્ર મુગ્ધ કરી દીધા. દરેક ગ્રુપમાં ભાઈઓ અને બહેનોને પ્રથમ, દ્વિતીય, તૃતીય નંબર મેળવનારને જ્ઞાતિજનોના સહકારથી ઈનામ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા. સર્વે જ્ઞાતિજનોએ હૃદયથી ભાવના પ્રદર્શિત કરી માતાજી તરફ ભક્તિભાવની પ્રતીતિ કરાવી. ધર્મ, ભાવનામાં ઉત્સાહ વધાર્યો. વડોદરા જ્ઞાતિના પ્રમુખશ્રી મયુરભાઈએ જ્ઞાતિજનોની આભાર વિધી કરી. એક હાથ તાળી પડે નહીં, તે યુક્તિને સમર્થન આપીને મંડળના દરેક કારોબારી સભ્યોએ, યુવા મંડળના કાર્યકર્તાઓના સાથ અને સહકારથી નિર્ધારીત સમય પ્રમાણે કાર્યક્રમ પૂર્ણ થયો. ગરબાના કાર્યક્રમનું સંચાલન શ્રીમતી ઉર્મિલાબેન કંસારાએ કરેલ. આ કાર્યક્રમની શરૂઆતથી પૂર્ણતા સુધીનું સંચાલન કામિનીબેન કંસારા, રાજલબેન બૂચ દ્વારા ધબકતું રાખવામાં આવ્યું. જેમાં ઉર્મિલાબેન કંસારા, નિતીનભાઈ, ગોરડીયા, કિરીટભાઈ વૈષ્ણવ, શૈલેષભાઈ ગોરડીયાએ જાણે કે ઈંધણ પુરું પાડવાનું કાર્ય કર્યું. ચિરાગભાઈ પિત્તળીયાએ કોર્પોરેશનમાંથી રજાચિઠ્ઠી મેળવવાનું મુખ્ય કાર્ય કરી. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં તત્પર રહ્યા. રજનીકાન્તભાઈ કંસારાએ ઈનામ વિતરણ માટેની સુંદર ગોઠવણી કરી. આ કાર્યક્રમની શરૂઆતથી રજીસ્ટ્રેશનની નોંધણી અન ફી ઉઘરાવવાનું અગત્યનું કાર્ય કનુભાઈ કંસારા, ભાસ્કરભાઈ ફાજલિયા, અરવિંદભાઈ ખાખી જેવા મહાનુભાવોએ કર્યું. સમગ્ર કાર્યક્રમને વધુ સુંદર બનાવવાનું કાર્ય રાજેન્દ્રભાઈ ખાખી, કમલેશભાઈ ખાખી, કશ્યપ કડવાણીની સંયુક્ત ટીમે કર્યું. સમગ્ર કાર્યક્રમના પ્રચાર અને પ્રસારણનું આધુનિક તકનીકનું કાર્ય જિજ્ઞેશભાઈને આભારી છે. સમગ્ર કાર્યક્રમની તસ્વીરો કંડારવાનું માન રાજેશભાઈ વૈષ્ણવ અને ગૌરવભાઈ શાહને મળે છે. તેમજ દીવ્ય ભાસ્કર સુધી કાર્યક્રમની માહિતી મોકલવાનું પ્રચાર પ્રસારણનું માન પ્રણવભાઈ શાહને મળે છે.

**નાણા વગરનો નાથિયો, અને નાણે નાથાલાલ**

આ યુક્તિના અનુસંધાનનું મહત્વનું કાર્ય શ્રી વાડીલાલભાઈ ખોખરાનું છે. જેમણે મંડળના વાર્ષિક હિસાબો, તેમજ અન્ય નાણાંકિય બાબતોની વિગતો રજૂ કરી. કાર્યક્રમના ખર્ચાની લેવડ-દેવડ સુધીનું કાર્ય આગવી સૂઝથી કર્યું. જે અભિનંદનને પાત્ર છે.

અંતમાં નિર્ધારિત સમય પ્રમાણે રાત્રે ૯-૦૦ કલાકથી શરૂ કરી જ્ઞાતિ જનોએ તેમજ આમંત્રિતોએ અતિ સ્વાદિષ્ટ એવી સાઉથ ઈન્ડિયન વૈવીધ્યતા ધરાવતી અલગ વ્યંજનોથી ભરપૂર ભોજનની મજા માણી. સાથે સાથે રિકેશભાઈ ગુજરાતીના સાથ-સહકારથી આઈસ્કીમની લહેજત માણી, જ્ઞાતિજનોએ પોતાના ગંતવ્ય સ્થાન તરફ વિદાય લીધી.

**"સૌનો સાથ, સૌનો સહકાર."**






# વઢવાણ કંસારા તેજસ્વી વિદ્યાર્થી સન્માન સમારોહ – ૨૦૨૫ તેમજ વઢવાણ કંસારા જ્ઞાતિ સ્નેહ મિલન કાર્યક્રમ

- સંકલનઃ ભાવિન પી. દંગી

કારતક સુદ-૩, તા. ૨૪/૧૦/૨૦૨૫, શુક્રવારને વઢવાણ ખાતે તેજસ્વી વિદ્યાર્થી સન્માન સમારોહ અને જ્ઞાતિ સ્નેહ મિલન કાર્યક્રમની નુતનવર્ષની શુભકામનાઓ અને નુતનસંકલ્પો સાથે ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી.

આપણા સમાજનું ભાવિ એવા વિદ્યાર્થીઓની શૈક્ષણિક ક્ષેત્રે મેળવેલ સિદ્ધિઓને સમાજ વચ્ચે બિરદાવવી અને જેમ એક બીજમાં વિશાળ વટવૃક્ષ બનવાની અપાર સંભાવનાઓ રહેલી હોય છે, તેવી જ રીતે આ ભાવિ વિદ્યાર્થીરૂપીચેતનાઓ પણ પોતાના રસ–રુચિ અને ક્ષમતાનુસાર પોતાની પસંદગી ક્ષેત્રે વિકસવાની અઢળક સંભાવનાઓ ધરાવે છે. આ સંભાવનાઓને સ્વપ્નમાં વણી પોતાના પ્રગતિ પંથ પર આગળ વધતા વિદ્યાર્થીઓની દર વર્ષે મેળવેલ સિદ્ધિને બિરદાવવી અને તેમના આત્મવિશ્વાસને પોખવા વઢવાણ કંસારા જ્ઞાતિ સમાજ અને વઢવાણ કંસારા શિક્ષણ સમિતિ આયોજીત "તેજસ્વી વિદ્યાર્થી સન્માન સમારોહ" ની ૧૪ મી શ્રૃંખલાની આજ રોજ ઉજવણી કરવામાં આવી.

આ સાથે જ ભારતનું સાચું રત્ન એવા જાણીતા ઉદ્યોગપતિ અને સેવાપરાયણતાની ઉત્કૃષ્ટ છાપ છોડનારા શ્રી રતનટાટાનું અદ્ભુત કવોટ, " If you want to go fast, walk alone; But, if you want to walk far, walk together." મુજબ સામાજિક ઉત્ક્રાંતિની ભાવનાને બળવત્તર બનાવવા અને સૌ જ્ઞાતિબંધુઓ વચ્ચે પરસ્પર સ્નેહ, સમજણ અને બંધુત્વને મજબુત બનાવવા આ વિદ્યાર્થી સન્માન સમારોહ સાથે જ જ્ઞાતિ સ્નેહ મિલન કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું.

યમુનાષ્ટકના સમૂહ ગાનથી કાર્યક્રમની શુભ શરૂઆત બાદવઢવાણ કંસારા શિક્ષણ સમિતિ વતી રાકેશભાઈ દંગી દ્વારા સ્વાગત પ્રવચન આપવામાં આવ્યું. વઢવાણ કંસારા જ્ઞાતિનાં ટ્રસ્ટીઓ સચીનભાઈ પિત્તલીયા અને હિતેષભાઈ ધોળકિયા તથા

શુભેચ્છક : પૂર્વપ્રમુખશ્રી ગુણવંતભાઈ ડેલાવાળા
સમસ્ત કંસારા સમાજ (ગુજરાત), અમદાવાદ    પ્રમુખશ્રી સરગમ ક્લબ, રાજકોટ.



શ્રી મદનમોહન લાલજીની હવેલી અને શ્રી ગોપાલાલ મંદિરના ટ્રસ્ટી અનુક્રમે કમલેશભાઈ પરમાર અને અશોકભાઈ કરથિયા તેમજ આજના આ કાર્યક્રમ માટે અતિથી વિશેષ તરીકે આમંત્રિત શ્રી બળવંતભાઈ જે. કંસારા અને આમંત્રિત મેહમાન તરીકે શિક્ષિકા બહેનો નીપાબેન દંગી, હર્ષાબેન પિત્તલીયા, જલ્પાબેન ચિત્તલીયા હાજર રહી મંચની શોભામાં અભિવૃદ્ધિ કરેલ. દીપ પ્રાગટ્ય અને શાબ્દિક તેમજ ઉપરણા-પુષ્પગુચ્છથી સ્વાગત બાદ 'ગણેશ વંદના' સમાજની દિકરીઓ દ્વારા સરસ કૃતિ રજુ કરવામાં આવી.

ક્રમશઃ ધો. ૧ થી ૪ અને ધો. ૫ થી ૮ ના વિદ્યાર્થીઓને પ્રથમ, દ્વિતિય અને તૃતીય સ્થાન મેળવનારને એવોર્ડ, દાતા તરફથી રોકડ પુરસ્કાર અને ગીફ્ટ તથા બાકીના તમામ વિદ્યાર્થીઓને કોન્સોલેશન પ્રાઈસ આપવામાં આવ્યા.

'મધુરાષ્ટકમ' કૃતિ ખૂબ જ સરસ રીતે દિકરીઓ દ્વારા ખુબ સારી તૈયારી કરી રજુ કરવામાં આવી.

ધો. ૯ અને ૧૧ ના વિદ્યાર્થીઓના સન્માન કાર્યક્રમ બાદ ત્રણેય શિક્ષિકા બહેનોને સમાજની મહિલાઓ હસ્તે "જ્ઞાતિ ગૌરવ" થી પુરુષ્કૃત કરવામાં આવેલ અને ત્યારબાદ ત્રણેય શિક્ષિકા બહેનો દ્વારા ખૂબ જ સરસ અને સરળ પ્રાસંગિક ઉદ્દબોધન થકી વિદ્યાર્થીઓને માર્ગદર્શિત કરવામાં આવ્યા. ત્યારબાદ શ્રી બળવંતભાઈ કંસારાનું સમાજના ટ્રસ્ટીઓ દ્વારા "જ્ઞાતિ રત્ન" એવોર્ડથી સન્માન કરવામાં આવ્યું. અને તેમના દ્વારા કાર્યક્રમમાં ઉપસ્થિત સૌ કોઈ ને પ્રેરણાત્મક માર્ગદર્શન આપી સકસેસ સ્ટોરી રજુ કરેલ.

ત્યારબાદ નાની ગોપીઓ દ્વારા 'નાગર નંદજીના લાલ' કૃતિ ખૂબ જ સરસ તૈયારી કરી રજુ કરવામાં આવેલ, જેણે કાર્યક્રમની શોભામાં અભિવૃદ્ધિ કરી.

વઢવાણ કંસારા સમાજના પૂર્વ ટ્રસ્ટીશ્રીઓ શ્રી સુભાષભાઈ દંગી, શ્રી જીતેન્દ્રભાઈ દંગી ને આટલા વર્ષો સુધી સમાજનું સુકાન સંભાળવા બદલ અને સમાજની વાડીનોઆર્થિક વહીવટ સાંભળી પોતાનો વિશેષ સમય અને સમજપૂર્વક નાણાકીય વ્યવહાર સંભાળવા બદલ શ્રીદિનેશભાઈ દંગીને આ કાર્યક્રમમાં તેઓની સેવા બદલ શાલ-ઉપરણા ઓઢાડી સન્માનિત કરવામાં આવ્યા.

વઢવાણ ખાતે યોજાનાર શ્રી મદનમોહન પ્રભુ પાટોત્સવ-છપ્પન ભોગ મહોત્સવ અને શ્રીમદ ભાગવત સપ્તાહમાં સર્વે વૈષ્ણવોને ઉત્સાહપૂર્વકઆ ભવ્ય મહોત્સવમાં જોડાવવા-લાભ લેવા ટ્રસ્ટીશ્રી દ્વારા રજૂઆત કરવામાં આવી.

આ કાર્યક્રમમાં જ વઢવાણ નાંધો. ૧૦, ૧૨, ગ્રેજુયેટ—પોસ્ટગ્રેજુએટ ડિગ્રી મેળવેલ વિદ્યાર્થીઓનું

"શ્રી ઝાલાવાડ ગુજરાતી કંસારા વિદ્યોતેજક સંસ્થા" દ્વારા મળતી પારિતોષિક/સ્કોલરશિપની રકમના કવરનું પણ સંસ્થાનાં કારોબારી સભ્યો દ્વારા વિતરણ કરવામાં આવ્યું.

ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલની હસ્તે વકતૃત્વ સ્પર્ધામાં એવોર્ડ મેળવનાર "હર્ષ એમ. પિત્તલીયા"ને વિશેષ સન્માનિત કરવામાં આવેલ તેમજ વિશેષ ડિગ્રીમાં C.A.તરીકે ફાઈનલ પરીક્ષામાં જ્વલંત સફળતા મેળવનાર "ઋષિ વાય. દંગી" (હાલમાં જોબ દુબઈ) નું જ્ઞાતિ ટ્રસ્ટીશ્રીઓ દ્વારા વિશેષ સન્માન કરવામાં આવ્યું.



શુભેચ્છક : ડૉ. ઉપેન્દ્ર બી. કલાઈગર, ડૉ. દર્શનભાઈ, ડૉ. અનુપભાઈ કંસારાના જય શ્રીકૃષ્ણ
સુદર્શન આંખની હોસ્પીટલ અને ઓપ્ટીકલ અને કોર્નિયા લેસર સેન્ટર, સુરત મો. : ૮૯૮૦૩૬૬૩૩૬



આમ ધો. ૧ થી ૧૨ અને ડિગ્રીમાં પ્રથમ,દ્વિતિય અને તૃતીય તેમજ બાકીના વિદ્યાર્થીઓને કોન્સોલેશન પુરુસ્કાર સાથે વઢવાણનાં કુલ ૧૫૧ વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યાં. સમગ્ર કાર્યક્રમ દરમિયાન જ્ઞાતિબંધુઓ દ્વારા આર્થિક સેવાનો ધોધ વહેતો જોવા મળ્યો. ફક્ત આ વર્ષે જ નહિ પરંતુ આવતા વર્ષનાં કાર્યક્રમ માટે પણ સેવા અગાઉથી નોધાવવામાં આવી જે, આ કાર્યક્રમનું આગવું પાસું બની રહ્યું.

ભાવિન દંગી અને હિરવા ખાખીની સંચાલનની જુગલ બંધીએ સમસ્ત જ્ઞાતિબંધુઓને સમગ્ર કાર્યક્રમમાં એવા જોડી રાખ્યા કે બપોરે ૨:૩૦ વાગ્યાના પણ જમવા જવાની કોઈને જરાપણ ઉતાવળ ના હતી.

અંતમાં રાષ્ટ્રગાન અને જ્ઞાતિ ટ્રસ્ટીશ્રી સચીનભાઈ પિત્તલીયા દ્વારા આભારવિધિ કરીઆ કાર્યક્રમને સફળ બનાવવા બદલ તમામ ને શ્રેય આપી ઇનામ વિતરણ કાર્યક્રમ પૂર્ણ જાહેર કરવામાં આવ્યો. છેલ્લે સૌ જ્ઞાતિજનો સ્વરુચિ ભોજનનો સ્વાદ માણી ફરી આવતાં વર્ષે કંઈક નવીન અભિગમ સાથે કાર્યક્રમમાં સહભાગી બનવાનાં આશય સાથે છુટ્ટા પડ્યા.

# મેરેજ બ્યુરો

સમસ્ત કંસારા સમાજ સંચાલીત મેરેજ બ્યુરોની સ્થાપના ૨૦૧૪ માં થયેલ અને આજે ૧૧ વર્ષ સફળતાપૂર્વક પૂર્ણ કરેલ છે. સમાજ દ્વારા દર ત્રણ વર્ષે યુવા-યુવતી પરિચય મેળાનું આયોજન કરવામાં આવે છે. સાથો સાથ ઓન લાઈન મેરેજ બ્યુરોની વેબ સાઈટ પણ કાર્યરત છે. આજે ઓન લાઈન મેરેજ બ્યુરોમાં કંસારા સમાજના અલગ-અલગ ગોળ ઘટકના ૪૮૫ લગ્નોત્સુક યુવા-યુવતીઓનું રજીસ્ટ્રેશન થયેલ છે.

સમસ્ત કંસારા સમાજ દ્વારા દર ત્રણ વર્ષે યુવા-યુવતી પરીચય મેળાનું આયોજન કરવામાં આવે છે. ઓન લાઈન મેરેજ બ્યુરોમાં રજીસ્ટ્રેશન કરાવેલ યુવા-યુવતીઓ નિઃશુલ્ક યુવા-યુવતી પરીચય મેળામાં ભાગ લઈ શકે છે.

**તા. ૭-૧-૨૦૨૪ ના રોજ આજ પ્રકારે સમસ્ત કંસારા સમાજ દ્વારા નવમાં પરીચ મેળાનું આયોજન કરવામાં આવેલ હતું.**

**સમસ્ત કંસારા સમાજ દ્વારા દશમાં પરીચય મેળાનું આયોજન જાન્યુઆરી-૨૦૨૭માં અનુકુળ તારીખના યોજવામાં આવશે.**

જે ઉમેદવારો સમસ્ત કંસારા સમાજ દ્વારા સંચાલીત મેરેજ બ્યુરોમાં ઉમેદવારી નોંધાવવા ઈચ્છતા હોય તેઓ ઓન લાઈન "WWW.SAMASTKANSARA.COM" વેબ સાઈટ ખોલી રજીસ્ટ્રેશન કરાવી શકે છે. રજીસ્ટ્રેશન કરાવી પુરી પ્રોફાઈલ ભરીને ઘેર બેઠા યોગ્ય સાથીની પસંદગી કરી શકશે.

શુભેચ્છક : ગૌ.વા. નટવરલાલ એ. ખાખી પરિવારના જયશ્રી ગોપાલ - અમદાવાદ
પૂર્વ પ્રમુખ - સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)

શુભેચ્છક : ગૌ.વા. કંસારા દેવચંદભાઈ ગોરધનદાસ પાટડીયા પરિવારના સર્વેને જય શ્રીકૃષ્ણ - પાટડી
હ. કંસારા શાંતિલાલ દેવચંદભાઈ - પ્રમુખશ્રી : સમૂહ લગ્ન ટ્રસ્ટ - વઢવાણ

# વઢવાણ સ્થિત ૧૪૦ વર્ષ પુરાતન
# શ્રી મદન મોહનલાલજી હવેલીના પુનર્વસન
# અને નવ - નિર્મિત હવેલીના પ્રસ્તાવિત પાટોત્સવ

- સુરેશભાઈ લક્ષ્મણદાસ દંગી (આણંદ)

આપણે જાણીએ છીએ કે વઢવાણમા શ્રી મદનમોહન લાલજી પ્રભુ છેલ્લા ૧૪૦ વર્ષથી યુગલ સ્વરૂપે બિરાજી વઢવાણના વૈષ્ણવોને – ખાસ કરીને કંસારા વૈષ્ણવોને - તેમની સેવાનો અલભ્ય લાભ આપી કૃતાર્થ કરતા રહ્યા છે. સમસ્ત કંસારા સમાજ પણ, સંપ્રદાયના કોઈ વાડામાં વહેંચાયા વગર, શ્રી મદનમોહન પ્રભુ પ્રત્યે પોતાની અનન્ય નિષ્ઠા દર્શાવી તન, મન ધનથી તેમની સેવામાં હંમેશા સહપરિવાર મુખરિત છે.

આશરે બે દાયકા અગાઉ વઢવાણમા આયોજિત એક ભાગવત સપ્તાહમાં શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રીજીએ આ પુરાતન હવેલીના જીર્ણોદ્ધારનો પ્રસ્તાવ કથાના શ્રોતાઓ સમક્ષ મુકેલ. આ વિચારને આ હવેલીના અધિષ્ઠાતા પુ. ગો. ૧૦૮ શ્રી વ્રજભૂષણ લાલજી મહારાજશ્રીનું અનુમોદન મળતા, આ સંકલ્પને સાકાર કરવા, પોતાના સહયોગની ભાવનાથી દરબારગઢમાં જમીનની માલિકી ધરાવતા વૈષ્ણવોએ, પોતાની જમીન ખરીદ ભાવે કે દાનમાં આપવાનો સંકલ્પ જાહેર કર્યો. રોજે રોજ આઠ પ્રહરના દર્શન, વાર તહેવારે ઉજવાતા મનોરથો અને કથા - કીતનનો લાભ જો ઘર આંગણે જ ઉપલબ્ધ થતો હોય તો આ વાત સોનામાં સુગંધ ભળ્યા બરાબર ગણાય. અને તે અંગેનો શિલાન્યાસ સમારંભ પણ ધામધુમથી ઉજવાયો.

નૂતન હવેલીમાં ઠાકોરજીનું કયું સેવ્ય સ્વરૂપ પધરાવવું તે બાબત અનિર્ણિત હોવાથી પ્રસ્તાવિત હવેલીનું નામ ‘‘પુષ્ટિ સંપ્રદાયની હવેલી’’ એવું કામચલાઉં નામાભિધાન કરી બાંધકામની શરૂઆત પણ થઇ ગઈ. નુતન હવેલીમાં ઠાકોરજીનું નવું - અન્ય સ્વરૂપ પધરાવીએ તો હાલમાં બિરાજતા શ્રી મદનમોહન પ્રભુની મહત્તામાં ઓટ આવે, તેઓ ઉપેક્ષિત પરિસ્થિતિમાં મુકાય, તે બાબત જો મારા તમારા જેવા સામાન્ય વૈષ્ણવોની સમજમાં આવી શકતી હોય તો, પુ. ગો. ૧૦૮ શ્રી વ્રજભૂષણ લાલજી મહારાજને પણ પોતાના સેવ્ય સ્વરૂપની અવમાનના થતી હોવાની આ વાત તેઓશ્રીના ધ્યાનમાં ન આવી હોય તેમ માનવાને કારણ નથી. જયારે શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રીજી પણ પ્રખર વિદ્વાન અને દીર્ઘદ્રષ્ટા હોઈ તેઓ પણ ‘જળમાંથી આંગળી નીકળી અને જગ્યા પુરાઈ ગઈઃ તે ન્યાયે શ્રી મદનમોહન પ્રભુની મહત્તાને અવગણી શકે નહી. ભલે ઠાકોરજીના કોઈ પણ સ્વરૂપમાં ભેદભાવ ન હોવાની આપણી માન્યતા બની રહે, છતાં જૂની હવેલીમાં બિરાજતા આપણા સૌના લાડીલા શ્રી મદનમોહન પ્રભુ, જેમની કૃપા આપણા પર વંશ- વારસાગત વરસતી રહી છે, તેમનુ અસ્તિત્વ વિસરાઈ જાય તેની કલ્પના પણ આપણા માટે અસ્થાને ગણાવી શકાય.

પણ ‘‘યહ લીલા સબ કરત કન્હાઈ’’ એ ન્યાયે કોઈ અકલ્પ્ય કારણસર દરબારગઢની પ્રસ્તાવિત હવેલીનું કામ આગળ ચાલી ન શક્યું અને તે પ્રકલ્પ ખોરંભે પડ્યો. અને લગભગ બે વર્ષ પહેલા નવરાત્રીના અરસામાં બનારસ સ્થિત પુ. ગો. ૧૦૮ શ્રી શ્યામમનોહર લાલજીની નિશ્રામાં આ હવેલીના જીર્ણોદ્ધારનો સંકલ્પ જાહેર થયો. અને શ્રી સુભાષભાઈ કંસારાના પ્રમુખ પદે, તેમની સમગ્ર ટીમના સહકારથી આ કામનો પ્રારંભ થયો.

શ્રી સુભાષભાઈ કંસારાએ - પોતે વઢવાણ કંસારા જ્ઞાતિનું પ્રમુખ પદ શોભાવતા હોવા ઉપરાંત પોતાના વ્યાવસાયિક કામમાંથી સમય ફાળવી, તેમના અનુગામી શ્રી ભોગીલાલ ધોળકિયા, ગોવિંદભાઈ ધોળકિયા, દિનેશભાઈ દંગી, કમલેશભાઈ પરમાર સાથેના સહયોગથી આ કામ માત્ર બે વર્ષની ટૂંકી અવધિમાં પૂર્ણ કરી તેમની કુશળતાનો પરિચય કરાવ્યો છે, તે માટે પૂરો વૈષ્ણવ સમાજ તેમનો અનુગ્રહિત રહેશે. જો કે આ પ્રકલ્પ કોઈ વ્યક્તિગત ન રહેતા, વઢવાણ સ્થિત પુરા કંસારા સમાજનો હોઈ જો બધાના નામ લખવા બેસું તો કંસારા ટાઈમ્સનો પૂરો અંક તેમના નામથી જ ભરાઈ જાય. પણ એ વાત આપણે સ્વીકારવી જ રહી કે કોઈ પણ જાતના ભેદભાવ કે અહંકાર વગર સમગ્ર કંસારા જ્ઞાતિ - વઢવાણ, આ કામમાં સક્રિય રહીને, તેઓએ તેમની શ્રી મદનમોહન પ્રભુ પ્રત્યેની તેમની નિષ્ઠાના દર્શન કરાવ્યા છે.

શુભેચ્છક : પૂર્વ પ્રમુખશ્રી બટુકલાલ વ્રજલાલભાઈ ગોરડીયા પરિવારના જય ગોપાલ
સમસ્ત કંસારા સમાજ (ગુજરાત), અમદાવાદ.

કારતક વદ એકમ - ગુરુવારથી શરુ થતો નિજ મંદિર પ્રવેશ અને છપ્પન ભોગનો બડો મનોરથ દશ દિવસ સુધી ચાલવાનો છે, જેમાં ભાગવત સપ્તાહનો પણ સમાવેશ થયો છે. રોજે રોજ વિવિધ મનોરથોના આયોજન દ્વારા શ્રી મદનમોહન પ્રભુને લાડ લડાવી, આપણે બધા કૃતાર્થ થઈને, આ પ્રસ્તાવિત સમૈયાનો આનંદ લેવાના છીએ તે આપણું અહોભાગ્ય છે. સમાજની દરેક વ્યક્તિએ યથાશક્તિ પોતાનું યોગદાન નોંધાવી મનોરથના સહભાગી બનવાનો સંકલ્પ જાહેર કર્યો છે, ત્યારે આ પ્રકલ્પ કોઈ વ્યક્તિગત સમૂહનો નહી પણ પુરા સમાજનો બની રહેનાર છે, તે બાબત સમાજની એકતાનો પરિચય કરાવી જાય છે. આમ ઈતિહાસનું પુનરાવર્તન થાય છે તે ઉક્તિને આપણે સાર્થક/ખરી સાબિત કરી દીધી છે.

શ્રી સુભાષભાઈ પોતાના પદના કોઈ પણ જાતના અહંકાર વગર સમગ્ર ટીમ સાથે ખભે ખભા મિલાવીને જે રીતે આ કાર્યને અંજામ આપી રહ્યા છે તે તેમની નેતૃત્વ શક્તિનું દર્શન કરાવી જાય છે. પ્રમુખ તરીકે વી.આઈ.પી. લોન્જમાં અગ્રસ્થાને બેસી પોતાની મહત્તાનું પ્રદર્શન કરાવવાને બદલે જયારે તેઓ સમગ્ર ટીમને સાથે રાખીને, ખભે ખભા મેળવી, પ્રભુના આ કાર્યને પૂર્ણતાને આરે પહોંચાડવાનું ભગીરથ કાર્ય પૂર્ણ કરવા જઈ રહ્યા છે, તે જોઇને પૂરો વૈષ્ણવ અને કંસારા સમાજ અનુગ્રહિત થયો છે, એ વાતનો આપણે સ્વીકાર કરવો જ રહ્યો.

હવેલીના નવનિર્માણમા તેના બાંધકામથી લઈને, તે માટે ફંડ એકઠું કરવા માટે અને બાંધકામના દરેક તબ્બકે પૂરી ટીમ સાથે તેઓએ જે પરિશ્રમ કર્યો છે તેનું ફળ આજે આપણી સામે પ્રત્યક્ષ છે. આ માટે આપણે તેમને અને પૂરી ટીમને જેટલા અભિનંદન પાઠવીએ તે ઓછા જ પડે તે વાતમાં તમે પણ સંમત થશો જ. હવેલીના વાસ્તુ પૂજન નિમિત્તે જુન ૨૦૨૫ માં જે ભવ્ય આયોજન થયેલ તે તેમની કાર્યકુશળતાનું જીવંત ઉદાહરણ છે.

સન ૨૦૦૭ માં વઢવાણના કંસારા સમાજ દ્વારા છપ્પનભોગના મનોરથનું જે અભૂતપૂર્વ આયોજન કરવામાં આવેલું તે ક્યારેય ભૂલી શકાય તેમ નથી. સાત સાત દિવસ સુધી આપણા સમાજે પોતાનો વ્યવસાય સંપૂર્ણ રીતે બંધ રાખીને અને વિવિધ મનોરથોમાં ભાગીદાર થઈને સમાજની એકતાના જે દર્શન કરાવ્યા છે, તેવી સુવર્ણ અક્ષરે લખવા જેવી ઘટના ઈતિહાસમાં કોઈ પણ સમાજમાં લખાઈ / નોધાઇ નહી હોય. અને આજે જયારે આ ઘટનાનું પુનરાવર્તન થઇ રહ્યું છે, ત્યારે ચાલો આપણે બધા જ તેમાં સહભાગી બનીને આ અનેરા ઉત્સવનો અમુલ્ય લાભ લઈને કૃતાર્થ થઈએ. અને આપણા વર્ષો જુના સ્વપ્નને સાકાર થયાનો આણંદ અનુભવી, આ પ્રસંગમાં ઓતપ્રોત થઈને આપણી શ્રી મદનમોહન પ્રભુ પ્રત્યેની નિષ્ઠાના દર્શન કરાવીએ.

અસ્તુ.

## કંસારા ટાઈમ્સની વિકાસ ફંડની યાદી

| | |
|---|---|
| રૂ. ૧૦૦૦/- | શેઠ આશિષ મનહરલલા - સુરત |
| રૂ. ૫૦૦/- | જાપડીયા મયુર અળંતિલાલ - અમદાવાદ |




શુભેચ્છક : ગુણવંતરાય નટવરલાલ ખાખી (વિરમગામવાળા) પરિવારના જયશ્રી ગોપાલ - અમદાવાદ
સહમંત્રી : સમૂહ લગ્ન ટ્રસ્ટ - વઢવાણ

શુભેચ્છક : પૂર્વપ્રમુખશ્રી ગુણવંતભાઈ ડેલાવાળા
સમસ્ત કંસારા સમાજ (ગુજરાત), અમદાવાદ    પ્રમુખશ્રી સરગમ ક્લબ, રાજકોટ.

# આપણુ ભાગ્ય ભગવાન નહી,
# આપણા વિચાર, વ્યવહાર, કર્મ લખે છે

જે લોકો સફળ નથી થતા તે લોકો કાયમ બીજાને અથવા ભગવાન અને નસીબને પણ દોષ દેતા હોય છે. તેવા કેટલાય લોકો સગા, સબંધિઓ આપણી આસપાસ જ રહેતા હોય છે. આ લોકો પોતાની નિષ્ફળતા અને ભુલ પરત્વે ધ્યાન દિધા સિવાય અન્ય લોકોને અને નસીબને કારણ ભુત માનતા હોય છે.

પિતાજીને બિમારીના કારણે હોસ્પીટલમાં દાખલ કરવા પડેલ હોવાથી સાતમાં ધોરણમાં સરકારી સ્કુલમાં ભણતા એક વિધ્યાર્થીએ/દિકરાએ ભણવાનુ છોડી બાપુજીની ગામડાની નાનકડી દુકાનમાં બેસવુ પડ્યુ. પડિકા વાળવાના પસ્તિ ના છાપા વાંચી વાંચીને વાંચનનો રસ કેળવ્યો. સ્કુલ છેલ્લા આશરે ચારેક મહિના ગયો ન હતો. પાકી પરિક્ષા સમયે બાપુજી સાજા થઈને પરત આવતા સાતમા ધોરણની પરિક્ષા આપતા આ છોકરો ક્લાસમાં છેલ્લા નમ્બરે પાસ થયો. પાછુ ભણવાનુ ચાલુ થયુ. ત્યારે આઠમાં ધોરણથી અંગ્રેજી ભણવાનુ શરુ થતુ હોવા છતા અંગ્રેજી વિષયમાં સારા માર્ક્સ લાવતો થયો. દસ અને બારમાં ધોરણમાં સ્કુલ માં પહેલો નમ્બર આવ્યો. ભણવા ઉપરાંત પોતાના ખેતરમાં કામ કરવુ, ગુલ્ફી વેંચી, ખાનગી નોકરીઓ. એ બધુ તો ચાલુ જ હતુ. ગ્રેજ્યુએટ થયો. ખાનગી નોકરીઓ કરી. શિક્ષણ ક્ષેત્રે રસ હોવાથી પાછુ Bed કર્યુ. TAT Exam માં પ્રથમ પાંચ માં નામ આવતા અમદાવાદની સરકારી સ્કુલમાં નોકરી સ્વીકારી. પાછુ Med કર્યુ. શિક્ષક તરીકે ચારેક વર્ષ પુરા થયા, અન્ય સ્પર્ધાત્મક પરિક્ષાઓ આપતા ગાંધીનગર સચિવાલયમાં નોકરી મળતા નાયબ સેક્શન અધિકારી તરીકે જોડાયા. અને સેક્શન અધિકારી (વર્ગ ૨) માં બઢતી મળી. હજુ શિક્ષણની ભુખ ચાલુ જ હતી. અંગ્રેજી વિષય સાથે ગયે વર્ષે Phd પણ થઈ ગયા.

એક દમ્પતિને ઘેર પ્રથમ દિકરીનો જન્મ થયો, અમુક સમય પછી ખબર પડી કે દિકરી આજીવન મુંગી બહેરી રહેશે. મમ્મીએ આ દિકરીના ભવિષ્ય માટે મુંગા બહેરાની ભાષા શીખી, દિકરીને આની ખાસ શાળામાં દાખલ કરી, મમ્મીએ ઉનના સ્વેટર ગુંથવાનુ જાપાનનુ મશીન વસાવ્યુ, દિકરીને સ્વેટર ગુથતા શીખવાડ્યુ, સ્વેટર વેંચાવા લાગ્યા. મશીન ખોલીને રીપેર કરતા શીખવ્યુ, વેપાર વધતા પછી તો ગામની જરુરિયાત મંદ દિકરીઓને આ કામે લગાડી, ઘણા બધા મશીન વસાવ્યા,અને પછીતો આવી દિકરીઓ ઉમર લાયક થતા યોગ્ય જગ્યાએ પરણાવવાની પણ કામગીરી આ દિકરીની માતાએ કરી..આ દિકરીને પછી તો તેવાજ એક મુંગા બહેરા મુરતીયા સાથે લંડન પરણાવી, તેને બે દિકરા થયા. પાછા બન્ને દિકરાઓ બોલતા અને સાંમભળતા તંદુરસ્ત થયા. અને તે બન્નેના પણ લગ્ન થઇ ગયા.અને તેઓ પણ તંદુરસ્ત બાળકોના પિતા બની ગયા. પણ આજની તારીખમાં બન્ને મુંગા બહેરા દમ્પતિ લંડનમાં કામ કરે છે.

એક બહેનને ત્રણ દિકરી, મોટી દિકરીના લગ્નના એક માસ બાદપતિનુ અવસાન થયુ. તેમના ભાઈઓએ શક્ય મદદ કરી, પણ બીજા ન્મબરની દિકરી મેટ્રીક પછી ભણવાનુ છોડી નોકરીએ લાગી ગઇ. બહેન પણ એક પ્રખ્યાત મોંઘી સ્કુલા બસમાં બાળકોને લેવા મુકવામા (કંડક્ટર) તરીકે નોકરીએ લાગી. આ માટે સવારે છ વાગ્યે તો ઘરથી એક કિલોમીટર દૂરપહોંચી જવુ પડે. બપોરે પરત આવી ત્રણ જણની રસોઇ, બધા ઘર કામ કરીને પાછુ ત્રણ વાગે જવાનુ તે સાંજે છ વાગ્યે આવે, પાછા બધા ઘરકામ કરવાના. તેનો એક ફાયદો એ થયો કે મોટીદિકરીના બે સંતાનોને તે જ સ્કુલમાં માત્ર દશ ટકા ફીમા ખુબજસરસરીતે બાર ધોરણ સુધી ભણવા મળ્યુ. આ બન્ને સંતાનો પણ અમદાવાદમાં નોકરીએ લાગી ગયા છે. બીજી દિકરીના દિકરાને પણ તેજ રીતે દશ ટકામાં ભણવા મળ્યુ. કોરોના આવ્યો ત્યારે નોકરી પુરી કરી, તે દરમિયાનકરકસરથી રહીને ઘર સરખુકર્યુ, ધીમે ધીમે ઘર ઉપર એક માળ બનાવીને ભાડે આપ્યો. અને ધીમે ધીમે TV, FREEZ, AC WASHINH MACHINE બધી સગવડ સાથે આ બહેન આરામથી નિવૃતિ જીવનગાળે છે. મેળ પડે ત્યારે પ્લેન મા પણ દિલ્હી જઈ ગોકુળ મથુરાની યાત્રાપણ કરી આવે છે. તેમને ક્યારે ય ભગવાનને ફરિયાદ નથી કરી, ઉલ્ટાનો તેની અત્યારની પરિસ્થિતી માટે ભગવાનનોઆભાર માને છે. મોદી સાહેબે ''પરિક્ષા પે ચર્ચા ''સમયે કોરોના ના અનુસંધાને કહ્યુ હતુ કે કોઇ પણ કુદરતી આફતો મનુષ્યને કોઇને કોઇ નવી વસ્તુ શીખવી જાય છે.'' કોરોના દરમિયાન આખી દુનિયાનેજાણવા મળ્યુ કે અમુક કામો ઘેરથી ખુબ સારી રીતે થઈ શકે છે. અને Wrok from Home ની શરુઆત થઈ. જે હજુ કોરોનાના છ વર્ષ પછી પણ ચાલે છે. સંસ્કૃત માં કહેવાય છે કે ''અંતઃ અસ્તિ પ્રારમ્ભ.''

એક પુત્રની માતા નાની ઉમરે વિધવા થતા સાસરીયાઓએ કઇ પણ આપ્યા વગર મા દિકરાને કાઢી મુકતા ધીમે ધીમે તે બહેને એકલા હાથે એક સારી કમ્પની ઉભી કરી છે. દિકરો પણ મોટો થઈ ગયો છે. એક વર્ષની દિકરીની માતા જે ઘરથી ૩૦ કી.મી. દુર

GPSC EXAM ની પરીક્ષા માટેની તૈયારી કરતી હતી, અને તે Dysp તરીકે Select થઇ ગઈ, ત્યારેમે તેઓને અભિનંદન આપેલ હતા. અત્યારે તે કદાચ ACP બની ગઈ છે. માત્ર ભગવાનના ભજન કિર્તન કે ભગવાનાને ફરિયાદ કરવાથી Dysp તો શું પોલીસ સ્ટેશનમાં પટાવાળા પણ ન બની શકાય.

બુદ્ધ ભગવાનના મુળ સિદ્ધાંત મુજબ (૧) Dukkha (૨) Samudaya (૩) Nirodha (૪) Magga દુખ છે જ, પણ તેને ઓળખીને કારણો ગોતીને નિરાકરણ કરવાનુ છે. તો બીજી વાર દુખ નહી આવે. કઈ કર્યા વગર દુખના રોદણા રોવાના નથી.

ઘણા સંતાનો ફરિયાદ કરે કે અમને સારી મોંઘી સ્કુલમાં દાખલ કરેલ હોત તો અમે ખુબ આગળ વધ્યા હોત. ( છોકરાઓની માન્યતા મુજબ મોંઘી એટલે જ સારી સ્કુલ) પણ એવા કેટલાય દાખલા છે કે સરકારીસ્કુલમાં ભણેલ વિધ્યાર્થી માત્ર ત્રીસ વર્ષની વયે Math જમાં Phd થયા છે, અને અત્યારે મોટી શૈક્ષણિક સંસ્થામાં ખુબ મોટા હોદા પર કામ કરે છે.તેનો જ ભાઇ Germany માં Job કરે છે. કેટલાક વકીલ બની ગયા છે. અમુક પોતાની ફેક્ટરી ચલાવે છે.

Master of Philosophy કરેલ એક દિકરીના લગ્ન થયા. પતિ, બે સંતાનો સાસુ, સસરા, દિયર સાથે સયુક્ત કુટુમ્બ હતુ. ખાનગી સ્કુલમાં નોકરી કરી, Bachelro of Education (Bed) ન હોવાથી સારી સ્કુલમાં પુરા પગારનીનોકરી ન મળે.ત્યાર બાદ Bed મા પ્રવેશ મેળવ્યો. ઘરથી કોલેજ જવા સવારે ચાર વાગ્યે છાપાની ગાડીમાં Updown કર્યુ. સરકારી હાઇસ્કુલમાં પુરા પગારની નોકરી મળી. ઘરથી પંદર કી.મી. રોજ સ્કુટર પર જવુ આવવુ. અને ઘરકામ. તે બધુ કરતા કરતા Phdની તૈયારી કરી.અને ટુંક સમયમાં Phd થઈ પણ જશે. તેની દિકરીએ પણ Gold Medalist Master degree કરી મહામહિમ રાજયપાલશ્રીના હસ્તે મેડલ પહેર્યો.અને સારી જાણીતીયુનિવર્સિટીમાં Assistance Professro તરીકે નોકરી કરે છે.આ લખનાર ત્યારે હાજર હતો. Phd પુરૂ કરશે તો અહીથી ૩૭૫ કી.મી તેમના ઘેર અભિનંદન આપવા જવાનો છુ. ટુકમાં પુરુષાર્થ વગર પ્રારબ્ધ છે જ નહી.

